## ગુજરાતમિત્ર

### નૂતન વર્ષાભિનંદન

બુધવાર ૨૨ ઓક્ટોબર, ૨૦૨૫, કારતક સુદ એકમ સંવત ૨૦૮૨



: તંત્રી :
**ભરત પ્રવીણકાંત રેશમવાળા**

: મુખપૃષ્ઠ તસવીર પાત્રો :

**વિધિ હિતેશ ઠક્કર**
અભ્યાસ: ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
શોખ: મ્યુઝિક, સ્પોર્ટસ, ટ્રાવેલિંગ, નોન ફિક્શન રીડિંગ

**ફેરી સમીર ગાંધી**
અભ્યાસ: માસ્ટર્સ ઇન હ્યુમન રીસોર્સ મેનેજમેન્ટ એન્ડ લેબર રીલેશન્સ
શોખ: મ્યુઝિક, ટ્રાવેલિંગ

**ઝીલ મનોજભાઇ ઉમરાનિયા**
અભ્યાસ: Ph.D. ઇન સાયકોલોજીનો અભ્યાસ કરે છે
શોખ: લર્નિંગ ન્યૂ લેંગ્વેજીસ, ક્રિએટીવ રાઇટિંગ, સીવણ, ગૂંથણ, નવાં નવાં સ્થળોની મુલાકાત

: તસવીરકાર :
**અંકિત વિજયભાઈ પખાલી**

: તસવીર સંયોજન :
**હેમંત ડેરે**

: લોકેશન :
**હર્ષિલ ફિલ્મ સિટી, માસમા**
: સૌજન્ય :
**શૈલેષ પટેલ**

: કલા સંયોજન :
**સનત દવે**

### જુઓ મુખપૃષ્ઠનો ‘બિહાઇન્ડ ધ સીન’ વિડીયો...

વર્ષોથી ‘ગુજરાતમિત્ર’ના નૂતનવર્ષ વિશેષાંકના મુખપૃષ્ઠનું સંયોજન દીપોત્સવી પર્વની ઉજવણીને અનુરૂપ કરાતું આવ્યું છે. આ વખતનું મુખપૃષ્ઠ પણ તે પ્રણાલી મુજબ દીપાવલી પર્વનો માહોલ તાદૃશ કરી રહ્યું છે. પણ શું તમે જાણો છો કે આ મુખપૃષ્ઠ પર પ્રકટ થતી તસવીરના સંયોજન માટે એક પૂર્ણ કક્ષાનું ફોટોશુટ કરવામાં આવે છે. આ ફોટોશુટ પૂર્વે લોકેશન (ફોટોશુટના સ્થળ) પર પણ લાઈટિંગ, ડેકોરેશન, ફ્રેમ સેટિંગની તૈયારી કરવી પડતી હોય છે. ‘ગુજરાતમિત્ર’ની આખી એક ટીમ આ ફોટોશુટ અને તેની તૈયારીમાં લાગી જતી હોય છે. જેનો અનુભવ આખી ટીમ માટે ખૂબ જ રોમાંચક અને સંતોષકારક બની રહે છે. અમારી ટીમના આ પ્રયાસોની એક ટચુકડી ઝલક અહીં આપ વાચકો માટે પ્રસ્તુત છે. માત્ર અહીં આપેલા QR કોડને આપના મોબાઈલથી સ્કેન કરી ઉઘડતી લિન્ક પર જઈ મુખપૃષ્ઠ પરની તસવીર માટેના ફોટોશુટ દરમિયાનનો નાનકડો ‘બિહાઈન્ડ ધ સીન’ વિડીયો આપ જોઈ શકશો.

### મુખપૃષ્ઠ તસવીરના લોકેશન વિશે

**હર્ષિલ ફિલ્મ સિટી, માસમા**

દર વર્ષે નૂતનવર્ષ માંગલ્ય પૂર્તિમાં ‘ગુજરાતમિત્ર’ના વાચકોની તસવીર અવનવાં લોકેશન્સ પર પાડી પ્રકાશિત કરવાની પરંપરા રહી છે. આજકાલ પ્રિ વેડિંગ શૂટ, બેબી શૂટ વગેરેનો ટ્રેન્ડ છે તો આ વખતે અમે શૈલેષભાઈ પટેલના સૌજન્યથી આપણા સુરતની પાસે આવેલા ઓલપાડના માસમાના ‘હર્ષિલ ફિલ્મ સિટી’માં ફોટો શૂટ કર્યા. કદાચ આ સુરત જિલ્લાનો પ્રથમ સ્ટુડિયો હશે, જે શૂટિંગને લગતી મોટા ભાગની સુવિધાઓથી સજ્જ છે. આ ફિલ્મ સિટીમાં જુદાં જુદાં થિમ પર સેટ બનાવ્યા છે, તો ઓડિયો સ્ટુડિયો પણ છે, જેમાં તમામ ટેકનિકલ સગવડો છે.

આ ફિલ્મ સિટી ફિલ્મો, ડોક્યુમેન્ટરી સીરિયલ, વેબ સિરીઝ વગેરેનાં શૂટિંગ માટે જાણીતું છે.

# પ્રતિભા એ શું માત્ર 1% પ્રેરણા અને 99% મહેનત છે કે કંઈ બીજું?

**ધનંજય રાવળ**

આ પ્રશ્ન મને ત્યારે ઊભો થયો કે જ્યારે હું થોમસ એડિશનની ફેક્ટરીમાં એક તરફ થોમસ એડિશનનું કટઆઉટ હતું અને બીજી તરફ નિકોલા ટેસ્લાનું કટઆઉટ હતું અને મ્યુઝિયમના ગાઇડે મને ફેક્ટરીમાં પહેરવા માટેનું એપરન આપ્યું અને કહ્યું કે વચ્ચે ઊભા રહો એટલે તમારો ફોટો પાડું. થોમસ એડિસનની ફેક્ટરીમાં તેમના પ્રતિસ્પર્ધી નિકોલા ટેસ્લાનું કટઆઉટ જોઈને આશ્ચર્ય થયું. એક ફોટો ક્લિક થાય એ દરમિયાન મનમાં કેટલાય વિચારો આવી ગયા અને આ એક ઐતિહાસિક ફોટોગ્રાફ બની ગયો. મગજમાં વિચારોનું સમુદ્રમંથન ચાલતું હતું. એક તરફ થોમસ એડિશનના વિચારો મને ખેંચે અને બીજી તરફ નિકોલા ટેસ્લાના વિચારો. બંનેની વિચારધારા જુદી હતી. તેમની કામ કરવાની પદ્ધતિ પણ જુદી હતી.એડિસનનું માનવું એ હતું કે કોઈ પણ શ્રેષ્ઠ વિચાર માત્ર સૂક્ષ્મ શરૂઆત છે. સફળતા માટે શ્રમ જરૂરી છે. તેમણે આ વાત પોતાની જીવનશૈલીથી સાબિત કરી હતી. હજારો પ્રયોગો, નિષ્ફળતાઓ અને સતત પુન:પ્રયત્નોથી તેમણે વીજળીના બલ્બ જેવાં સાધનોને વ્યાવસાયિક બનાવ્યાં. પરંતુ શું તમારું મન ક્યારેય આ વિચારે અટકી નથી પડ્યું કે જો આપણને કોઈ એવો મળ્યો હોત જે 99% પ્રેરણા લઈને આવે અને માત્ર 1% મહેનતથી કમાલ સર્જે? ત્યાંથી જ શરૂ થાય છે નિકોલા ટેસ્લાની કથા. એડિસનનો સમકાલીન, મૂળભૂત વિચારશીલ અને અત્યંત ઊંડું વૈજ્ઞાનિક જ્ઞાન ધરાવતો માણસ. ટેસ્લાએ ક્યારેય એક જ વસ્તુ માટે 100 પ્રયોગો નહીં કર્યા. તેઓ પહેલાં વિચારતાં, વિજ્ઞાનનો આધાર લેતાં, ગણિત કરતાં અને પછી જ કામ કરતા. નિકોલા ટેસ્લાએ તો એટલે સુધી જઈને એડિસન વિશે કહ્યું કે “થોડા સિદ્ધાંતો અને ગણતરીઓથી એડિસન પોતાનો 90% પરિશ્રમ બચાવી શક્યા હોત.




આર્થર સી. ક્લાર્કના કાર્યસ્થળની મુલાકાત

જો એડિસને ટેસ્લાનો વિચાર અપનાવ્યો હોત તો? આ સવાલ આપણા સમયમાં ખૂબ જ પ્રાસંગિક છે. શું થશે જો વિચારો અને મહેનતનું આ જોડાણ એક જ દિશામાં પ્રવાહિત થતું? જો એડિસને ટેસ્લાની અંદર રહેલી વિજ્ઞાનની ઊંડાઇ અને દૃષ્ટિને સમજી હોત તો? તો કદાચ આજનું વિશ્વ ઊર્જા ક્ષેત્રે બે દાયકાઓ આગળ હોત. એડિસન ડાયરેક્ટ કરંટ (DC) સિસ્ટમમાં , જ્યારે ટેસ્લા ઓલ્ટરનેટિંગ કરંટ (AC) સિસ્ટમના સમર્થક હતા. જે આજે સમગ્ર વિશ્વમાં વપરાય છે. જો એડિસને ટેસ્લાની વાત માની હોત, તો કદાચ ઇલેક્ટ્રિસિટી વોર્સ ટળી ગઈ હોત અને બંનેનું સંયોજન વધુ શ્રેષ્ઠ પરિણામો આપી શક્યાં હોત.

> *એડિસન કહે છે મહેનત વિના કશું નથી. ટેસ્લા કહે છે ઊંડા વિચાર વિના કશું નથી પરંતુ આધુનિક દૃષ્ટિકોણ કહે છે – “Aspiration + Inspiration + Perspiration = Genius” પ્રશ્ન એ નથી કે પ્રતિભા 1% પ્રેરણા છે કે 99% મહેનત. સાચો પ્રશ્ન એ છે કે શું આપણે આ ત્રણેનું સંતુલન સાધી શકીએ?*

નિકોલા ટેસ્લા AC કરંટ સિસ્ટમનો આગ્રહ કેમ રાખતા હતા તે સમજીએ. ઓલ્ટરનેટિંગ કરંટ (AC) સિસ્ટમ અને ડાયરેક્ટ કરંટ (DC) સિસ્ટમ શું છે તે સમજીએ. થોડુંક ટેકનિકલ છે પણ એ સમજવું જરૂરી છે. ઓલ્ટરનેટ કરંટનો ગ્રાફ જોવાથી ખબર પડશે કે તે દિશા બદલ્યા કરે છે. ઓલ્ટરનેટિંગ કરંટ (AC) વિદ્યુતપ્રવાહ સમયાંતરે દિશા બદલે છે. ભારતમાં 50 Hz એટલે કે દર સેકન્ડે 50 વાર દિશા બદલાય છે. આપણને ઈલેક્ટ્રીક સીટી કનેક્શનના બે કાણાં આપેલા હોય છે. જેમાં ટી.વી. કે ચાર્જરના બે છેડા ગમે તેમ ભરાવીએ તો તે ચાલે છે. કારણ કે બંને કાણામાં વારાફરતી પોઝિટિવ અને નેગેટીવ વોલ્ટ આવ્યા કરતા હોય છે. જો કોઈ વાયરમાં 230 v એ.સી. કરંટ પસાર થતો હોય અને ભૂલથી આપણો હાથ લાગે તો ગ્રાફમાં બતાવ્યા પ્રમાણે એ.સી. કરંટ પોઝિટિવથી નેગેટિવ દિશામાં જાય ત્યારે વચ્ચે ઝીરો થઈ જાય છે. એ સમય દરમિયાન વાયરમાં કોઈ કરંટ હોતો જ નથી. આ સમયે આપણને હાથ પાછો ખેંચી લેવાનો સમય મળે છે. મગજના જ્ઞાનતંતુઓ હાથને સૂચના આપે છે અને હાથ વાયરથી દૂર આવતો રહે છે. આ બધું ફ્રિકશન ઓફ મોમેન્ટમાં થઈ જાય છે. એટલે આપણને એવું લાગે છે કે એ.સી. કરંટ આપણને ફેંકી દે છે. ખરેખર એવું થતું નથી. એ ત્યારે શક્ય બને છે જ્યારે વોલ્ટેજ પ્લસમાંથી માઇનસ તરફ અથવા તો માઇનસથી પ્લસ તરફ જાય ત્યારે વાયરમાં વોલ્ટેજ શૂન્ય થઈ જાય છે. એટલે કે એ.સી. કરંટ તમને ઓલ્ટર આપે છે. मार दिया जाए, के छोड़ दिया जाए। એ.સી. કરંટમાં વધારો કે ઘટાડો કરવો ખૂબ સહેલો છે. એક ટ્રાન્સફોર્મરથી આ કામ થઈ જાય છે. હાઈ પાવર એપ્લિકેશનમાં ઉપયોગી છે. મોટાં મશીનો, ટ્રેનો, ઉદ્યોગોમાં જરૂરી પાવર આપી શકે છે. ઇલેક્ટ્રોનિક્સનાં દરેક ઉપકરણો ખૂબ જ ઓછા ડી.સી. વોલ્ટ પર ચાલતાં હોય છે તેથી આવાં ઉપકરણોને ચલાવવાં હોય તો એડપ્ટરની જરૂર પડે છે. મોબાઇલ, લેપટોપ જેવા ઇલેક્ટ્રોનિક્સને ACને DCમાં બદલીને જ વાપરવું પડે છે.

હવે આપણે ડી.સી. કરંટના ગુણધર્મો જોઈએ. ડી.સી. કરંટ દિશા બદલતો નથી. વિદ્યુતપ્રવાહ એક જ દિશામાં સતત વહે છે. જેમ કે બેટરીમાં ડી.સી. કરંટ હોય છે. આ બેટરીને કોઈ પણ સિસ્ટમમાં ઊંધી ફીટ કરીએ તો તે સિસ્ટમ ચાલતી નથી. ટોર્ચ, મોબાઇલ, ઘડિયાળ જેવાં ઘણાં બધાં સાધનોમાં બેટરી ફીટ કરવી પડે છે. તે ફિટ કરતી વખતે પ્લસ અને માઇનસ (પોલારીટી) જોવી પડે છે. ડી.સી. કરંટ દિશા બદલતો નથી. તેથી જો કોઈ વાયરમાં 230 v ડીસી કરંટ પસાર થતો હોય અને તેને આપણે અડીએ તો કરંટની અસર તમને સતત થયા કરે છે. ⇨






DI-001